જા.નં.:167/BoM/2023-24

# ગૂજરાત વિદ્યાપીઠ: અમદાવાદ

## બોર્ડ ઓફ મેનેજમેન્ટ - 03/2023-24: 07-07-2023

ગૂજરાત વિદ્યાપીઠ બોર્ડ ઓફ મેનેજમેન્ટની વર્ષ 2023-24ની ત્રીજી બેઠક તા.7-7-2023ને શુક્રવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે સમિતિ કક્ષ, મુખ્ય કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ મુકામે આદરણીય કુલનાયકશ્રીના અધ્યક્ષ સ્થાને મળી હતી. બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત હતા.

૧. ડૉ. ભરતભાઈ જોશી, અધ્યક્ષ અને કા.કુલનાયકશ્રી

૨. ડૉ. હર્ષદભાઈ એ. પટેલ, સભ્યશ્રી અને ટ્રસ્ટીશ્રી

૩. શ્રી દિલીપભાઈ પી. ઠાકર, સભ્યશ્રી અને ટ્રસ્ટીશ્રી

૪. ડૉ. નવિનચંદ્ર શેઠ, સભ્યશ્રી, UGC નોમિનેટેડ

૫. ડૉ. કનુભાઈ નાયક, સભ્યશ્રી

૬. ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય, સભ્યશ્રી

૭. ડૉ. પ્રેમ આનંદ મિશ્ર, સભ્યશ્રી અને ડીનશ્રી

૮. શ્રી રણછોડભાઈ ચૌહાણ, સભ્યશ્રી અને સહપ્રાધ્યાપકશ્રી

૯. ડૉ. નિખિલભટ્ટ, કા.કુલસચિવશ્રી

શ્રી વિશાલભાઈ ભાદાણી બેઠકમાં ઉપસ્થિત નહીં રહી શકે તેની ઈ-મેઈલથી જાણ કરી હતી. તેમની ગેરહાજર રહેવાની રજા મંજૂર રાખવામાં આવી.

બેઠકની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી.

કાર્ય-1 : તા. 12-06-2023ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવા તથા તે બેઠકના અહેવાલની અમલવારીનોંધને ધ્યાનમાં લેવા અંગે.

ઠરાવ 1 : તા. 12-06-2023ના રોજ મળેલી બેઠકના અહેવાલને બહાલી આપવાનું તથા તે બેઠકના અહેવાલની અમલવારીનોંધને સુધારા સાથે બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યુ.

કાર્ય-2 : તા. 12-06-2023ની બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં કાર્ય-5માં રજૂ થયેલા એસ્ટેટ શાખાના કાર્યો પૈકી ક્રમાંક 4 થી 7 તથા ઠરાવ-5 બાબત.

ઠરાવ 2: કાર્ય-5માં રજૂ થયેલા એસ્ટેટ શાખાના કાર્યો પૈકી ક્રમાંક 5 અને 7માં દર્શાવેલ ખર્ચ મંજૂર રાખવાનું તથા કાર્ય 6 માટે બદલાયેલા સ્થળ અને ખર્ચ સંદર્ભે કન્સલ્ટન્ટ પાસેથી દરેક કામની અલગ અલગ ખર્ચની વિગતો મેળવી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-3 : તા. 02-06-2023થી અમલમાં આવેલા UGC (Institutions Deemed to be Universities) Regulations, 2023ની સ્વીકૃતિ બાબત.

ઠરાવ-3 : તા. 02-06-2023થી અમલમાં આવેલા UGC (Institutions Deemed to be Universities) Regulations,2023નો સ્વીકાર કરવા અંગે ગૂજરાત વિદ્યાપીઠ મંડળનો નિર્ણય સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 : તા. 08-05-2023ની બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં મંજૂર કરાયેલાં Establishment and Administration Rules-2023માં સુધારા બાબત.

ઠરાવ-4 : તા. 08-05-2023ની બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં મંજૂર કરાયેલાં Establishment and Administration Rules-2023માં સુધારા મંજૂર રાખવાનું અને સુધારેલી નકલ વેબસાઈટ પર અપલોડ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-5 : ઇન્ડિયન ઓડિટ અને એકાઉન્ટ વિભાગ, પ્રિન્સિપાલ ડાઇરેક્ટર ઓફ ઓડિટ કાર્યાલય (સેંટ્રલ), ઓડિટ ભવન, અમદાવાદનો વર્ષ 2017 થી 2021ના ઓડિટ અહેવાલના પેરા-4 ધ્યાને લઈ આગળની કાર્યવાહી માટે નિર્ણય અર્થે.

ઠરાવ-5 : ઇન્ડિયન ઓડિટ અને એકાઉન્ટ વિભાગ, પ્રિન્સિપાલ ડાઇરેક્ટર ઓફ ઓડિટ કાર્યાલય (સેંટ્રલ), ઓડિટ ભવન, અમદાવાદનો વર્ષ 2017 થી 2021ના ઓડિટ અહેવાલના તમામ ઓડિટ પેરા એકેડેમિક અને હિસાબી પ્રમાણે વર્ગીકૃત કરી તેના સંદર્ભે એકદિવસ બેઠક રાખવાનું તથા તેમાં સંબંધિત શાખા અધ્યક્ષને હાજર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-6 : ગૂજરાત વિદ્યાપીઠના તબીબી અધિકારીઓનાં કાર્યમથક નિયત કરવા બાબત.

ઠરાવ-6 : ગૂજરાત વિદ્યાપીઠના તબીબી અધિકારીઓનુ કાર્યમથક અંગે કુલનાયકશ્રી નિર્ણય કરે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-7 : પ્રથમ સત્રના વિદ્યાર્થીઓ માટે રાંધેજામાં છાત્રાલય વ્યવસ્થા આપવા બાબત.

ઠરાવ-7 : પ્રથમ સત્રના વિદ્યાર્થીઓ માટે ગૂજરાત વિદ્યાપીઠના રાંધેજા પરિસરમાં છાત્રાલય વ્યવસ્થા આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-8 : કોમ્પ્યૂટર વિભાગમાં BCA અભ્યાસક્રમ માટે અલગ સ્ટાફ ફાળવવામાં ન આવે તો પણ શૈક્ષણિક વર્ષ 2023-24માં અત્યારે ઉપલબ્ધ સ્ટાફ દ્વારા જ BCA અભ્યાસક્રમ ચાલુ રાખવા વિભાગીય અધ્યક્ષશ્રી, કોમ્પ્યુટર વિભાગના પત્ર બાબત.

ઠરાવ-8 : કોમ્પ્યૂટર વિભાગમાં BCA અભ્યાસક્રમ માટે અલગ સ્ટાફ ફાળવવામાં ન આવે તો પણ અત્યારે ઉપલબ્ધ સ્ટાફ અને ભૌતિક સગવડો દ્વારા જ BCA અભ્યાસક્રમ ચાલુ રાખવા વિભાગીય અધ્યક્ષ, કોમ્પ્યુટર વિભાગના પત્રને ધ્યાને લઈ વર્ષ 2023-24માં પ્રથમ સત્રમાં પ્રવેશની મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-9 : ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ શાખાઓ અને વિદ્યાશાખાઓનાં સુચારુ વ્યવસ્થાપન માટે ગોઠવાયેલી બેઠકો બાબત.

ઠરાવ-9 : ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ શાખાઓ અને વિદ્યાશાખાઓનાં સુચારુ વ્યવસ્થાપન માટે ગોઠવાયેલી બેઠકોના અહેવાલની સહર્ષ નોંધ લેવામાં આવી

કાર્ય-10 : વર્ષ-2022-23માં લેવાયેલી બેકી સત્રની સત્રાંત પરીક્ષાઓનાં પરિણામો બાબત.

ઠરાવ-10 : વર્ષ-2022-22માં લેવાયેલી તમામ અભ્યાસક્રમોની તમામ સત્રાંત પરીક્ષાઓનાં પરિણામો વર્ગ પ્રમાણે કોષ્ટક સ્વરૂપે પરીક્ષા વિભાગ પાસેથી મેળવી 15 દિવસમાં બોર્ડ ઓફ મેનજમેન્ટના તમામ સભ્યોને મોકલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-11 : ગૂજરાત વિદ્યાપીઠ (ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી) તથા ગુરુકુળ મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ, પોરબંદર સાથે MoU બાબત.

ઠરાવ-11 : MoUનો ડ્રાફ્ટ કુલસચિવશ્રી પાસે મંજૂર કરાવી ગૂજરાત વિદ્યાપીઠ પર આર્થિક બોજો ન આવે તે રીતે વિભાગીય કક્ષાએ MoU કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-12 : ગત ચાર સપ્તાહની વિશિષ્ટ વિગતો ધ્યાને લેવા બાબત.

1) વિદ્યાશાખા અને શાખાઓમાં બિનશૈક્ષણિક કર્મચારીઓની ફાળવણીના આદેશો કરવામાં આવ્યા અને તે મુજબ અમલવારી થઈ.

2) રાંધેજા અને સાદરામાં કાર્યરત શૈક્ષણિક વિભાગોનું અમદાવાદ પરિસરમાં સ્થાપન થયું.

3) 'વિદ્યાપીઠ સેતુ'નું પ્રકાશન કરવામાં આવ્યું જેની નકલ સૌ સભ્યોને મોકલવામાં આવી છે.

ઠરાવ-12 : ઉપરોક્ત બાબતો સાભિનંદન ધ્યાને લેવામાં આવી.

પ્રમુખ સ્થાનેથી રજૂ થયેલ તે

કાર્ય-13 : શૈક્ષણિક વર્ષ 2023-24થી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત તમામ અભ્યાસક્રમોની યુજીસીના ધારાધોરણ પ્રમાણે સત્ર દીઠ નક્કી કરવા બાબત.

ઠરાવ-13 : શૈક્ષણિક વર્ષ 2023-24થી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત તમામ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોની યુજીસીના ધારાધોરણ પ્રમાણે સત્ર દીઠ 20 જ ક્રેડિટ રાખવી અને તે મુજબના અભ્યાસક્રમો જ વર્ષ 2023-24થી અમલીમાં લેવા તેમ ઠરાવવામાં આવ્યું..

કાર્ય-14 : બોર્ડ ઓફ મેનેજમેન્ટ, ફાઈનાન્સ કમિટી અને એકેડેમિક કાઉન્સિલના સભ્યોને સીટીંગ એલાઉન્સ (બેઠક ભથ્થા) ચૂકવવા બાબત.

ઠરાવ-14: બોર્ડ ઓફ મેનેજમેન્ટ તમામ સભ્યોને સીટીંગ એલાઉન્સ (બેઠક ભથ્થા) પેટે રૂ. 2500.00 ચૂકવવાનું તથા ફાઈનાન્સ કમિટીના તમામ સભ્યોને અને એકેડેમિક કાઉન્સિલના ગૂજરાત વિદ્યાપીઠના કર્મચારી સિવાયના તમામ સભ્યોને સીટીંગ એલાઉન્સ (બેઠક ભથ્થા) પેટે રૂ. 1000.00 ચૂકવવાનું ઠરાવવામાં આવ્યું.

બેઠકના અંતે તમામ સભ્યોનો આભાર માની બેઠક પૂર્ણ કરવામાં આવી.

તા. 08-07-2023

(ડૉ. નિખિલ ભટ્ટ)

કા. કુલસચિવ